## મહેરબાન બારડોલીના એડીશ્નલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : બારડોલી.

**રેગ્યુલર દીવાની મુકદમા નંબર : ૧૪/૨૦૧૮.**

### –:: આંક : ૧૬ ની અરજી હેઠળ હુકમ ::–

(૧) આ કામનાં પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ ૧૧(ડી) મુજબની અરજી કરી જણાવેલ છે કે, વાદીઓનો હાલનો દાવો તેઓની દાવા અરજીનાં વિધાનો પરથી જ તેમજ દાવામાં માંગેલ દાદનાં સ્વરૂપ પરથી જ નામદાર કોર્ટમાં ચાલવાપાત્ર ન હોય રદ થવાને પાત્ર છે. વાદીએ હાલનાં દાવાનાં કામમાં જે ડેકલેરેશન સ્વરૂપની દાદ માંગેલ છે તેવા ડેકલેરેશનની દાદ દાવાનાં પેરા–૧૧(બી) મુજબ તા.૧૦/૧૧/૨૦૨૦ આધારીત ડેકલેરેશન સ્વરૂપની કોઈ દાદ માંગી શકે નહિં. વાદીએ તેમનાં દાવામાં જણાવ્યા અનુસાર ભાડા પટ્ટાનો કરાર ગણાય. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈઓ અનુસાર ભાડાપટ્ટાનો કરારનો અમલ થતા કરાર અનુસાર કબજો સુપ્રત થતા જ તેનો અમલ થઈ ગયેલો ગણાય. આ સંજોગોમાં જે કરાર થયેલ છે તે કરાર અન્વયેના લાગુ પડતા ખાસ કાયદાની જોગવાઈઓ અનુસાર વાદી પોતાનાં કબજાનાં રક્ષણ અર્થે કાયદાકીય જોગવાઈઓ અનુસાર રક્ષણ મેળવી શકે, પરંતુ કરારની લેખિત શરતો અનુસાર તેમજ સ્વયંમ વાદીનાં પક્ષ નિવેદન પરથી જ તા.૧૦/૧૧/૨૦૦૦ નાં રોજનાં કરારની અમલવાળી સ્વયંમ વાદીનાં જણાવ્યા મુજબ હાલના સ્વરૂપનો સ્પેશીફીક જોગવાઈઓ અનુસાર ડેકલેરેશનની દાદ માંગતો દાવો કરવા વાદીને કોઈ હકક અધિકાર નથી અને માંગેલ દાદનું સ્વરૂપ જોતાં આ પ્રકારનો દાવો લાવવા વાદીને કાયદાકીય બાધ નડે છે. હાલનાં દાવાનાં વાદીએ તા.૧૦/૧૧/૨૦૦૦નાં રોજનાં ભાડાપટ્ટાના કરારનાં શરતોનો ભંગ કરી પોતે ટ્રસ્ટની મિલકતનાં માલિક હોય ગેરકાયદેસરનાં કરાર કરી ગેરકાયદેસર રીતે અવેજ મેળવી આર્થિક લાભ પ્રાપ્ત કરેલ છે તે હકીકત સ્વયંમ વાદીએ દાવા અરજી સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી સ્પષ્ટ ફલીત થાય છે. વાદીના દાવાનાં પક્ષ નિવેદન પરથી જ પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટ વર્ષો જુનો ટ્રસ્ટ છે. પ્રતિવાદી નં.૧ મદ્રેસા ટ્રસ્ટ છે. ભારતીય સંસદ દ્વારા મુસ્લીમ સમુદાયનાં લોકોની ધાર્મિક અને મદ્રેસા ટ્રસ્ટની મિલકતોનાં સંદર્ભમાં વકફ અધિનિયમ સને ૧૯૯૫ નો પસાર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વકફ અધિનિયમ ૨૦૧૩ સુધારો લાગુ પાડવામાં આવેલ છે તે અનુસાર પ્રતિવાદી નં.૧ સખાવતી ઉદેશ માટેની ધાર્મિક પવિત્ર ઉદેશો માટેની મુસ્લીમ કાયદા દ્વારા મંજુર કરેલ જાહેર

ઉપયોગીતાનાં ઉદેશ માટેની સંસ્થા હોય આ સંસ્થાની મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ હેઠળ સમાવિષ્ટ થતી હોય વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ સુધારા અધિનિયમ ૨૦૧૩ ની જોગવાઈઓ અનુસાર આ દાવાવાળી મિલકત પરત્વેનો કોઈપણ દાવો નામદાર સિવિલ કોર્ટને ચલાવવા માટે કાયદાકીય જોગવાઈઓ અનુસાર કોઈ સત્તા અધિકાર રહેલ ન હોય વાદીનો હાલના સ્વરૂપનો દાવો ચલાવવા નામદાર કોર્ટને હકુમત પ્રાપ્ત થતી ન હોય અને આ પ્રકારની હકુમત વકફ અધિનિયમની ૧૯૯૫ ની જોગવાઈઓ અનુસાર સ્પષ્ટ રીતે બાધિત હોય વાદીની દાવા અરજી સ્વયંમ વાદીનાં દાવા અરજીનાં વિધાનો પરથી જ રદ થવાને પાત્ર હોય સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ ની જોગવાઈ અનુસાર વાદીનો દાવો ના મંજુર કરવા યાને રીજેકટ કરવાની જરૂર છે. વાદીએ હાલનો દાવો પ્રતિવાદી નં.૧ સંસ્થાએ વકફ બોર્ડમાં વાદી વિરૂધ્ધ અરજી કર્યા બાદ અને તેની નોટીસ વાદીને બજયા બાદ અલગ અલગ કાયદાઓની લાગુ પડતી અલગ અલગ જોગવાઈઓ એકત્ર કરી દાવા અરજીમાં કાયદા વિરૂધ્ધના અસ્પષ્ટ અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરતી હકીકતો અન્વેયના કાયદાકીય જોગવાઈઓ વિપરીત અને વાસ્તવિક હકીકતોથી વિપરીત દાવા અરજીમાં પક્ષ નિવેદન કરી જે દાદ વાદી નામદાર સીવીલ કોર્ટ મારફત મેળવવા સમર્થ નથી તેવી દાદ માંગતો કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધનો હાલનો દાવો કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા માટેની અને વાદીએ કરેલા અપકૃત્યોથી બચવા તેમજ પ્રતિવાદી ન.૧ સંસ્થાએ વાદી વિરૂધ્ધ વકફ બોર્ડમાં વાદગ્રસ્ત મિલકત પરત્વે જે અરજી કરેલ છે અને તે અરજી સંદર્ભે વાદીને વકફ બોર્ડ જેવી કાયદા રચીત સંસ્થા ધ્વારા જે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે તેવી વકફ બોર્ડ તરફથી કરવામાં આવેલ કાયદેસરની કાર્યવાહીમાં ગેરકાયદેસર અવરોધ કરવા કરાવવા અને વકફ બોર્ડ જેવી કાયદા રચીત સંસ્થા ધ્વારા વાદી ધ્વારા સીવીલ કોર્ટમાં દાવો કરવામાં આવેલ છે તે પેન્ડીંગ છે તેવી કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધની ગેરકાયદેસરની તકરાર લેવા માટેના અને કાર્યવાહી લંબાવવા માટેના બદઆશયથી વાદીએ હાલનો આ કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધ નામદાર સિવિલ કોર્ટને હકુમત ન હોવા છતાં તદન ખોટો દાવો ઉપસ્થિત કરી નામદાર સિવિલ કોર્ટની હકુમતનો દુર ઉપયોગ કરેલ છે તેમ જણાવી સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ ની જોગવાઈઓ અનુસાર વાદીનો દાવો રીજેકટ કરવા હુકમ કરવા અરજ કરેલ છે.

(૨) વાદી તરફે આંક–૨૩ થી પ્રતિવાદી નં.૧–૨ ની આંક–૧૬ ની અરજી વિરૂધ્ધ લેખિત

જવાબ રજુ કરી જણાવેલ છે કે, પ્રતિવાદી તરફે આપેલ અરજી સાચી અને ખરી નથી તેમજ અરજી આપવા માટે કાયદેસર કોઈ કારણ કે અધિકાર નથી માત્ર કામ લંબાવવાનાં હેતુસર હાલની અરજ ગુજારેલ છે. પ્રતિવાદીની અરજી ઓ.૭, રૂલ–૧૧ (ડી) ના પ્રાવધાન મુજબ નથી કારણ કે ઓ.૭, રૂલ–૧૧ (ડી) માં જોગવાઈ કરવામાં આવી છે કે, "દાવા અરજીનાં કોઈ વિધાનથી દાવો કોઈ કાનુનથી પ્રતિબંધિત હોવાનું લાગે " આમ, પ્રતિવાદીએ પોતાની અરજીમાં સ્પષ્ટપણે કયા કાયદાનાં કયા પ્રાવધાન મુજબ દાવો રદ થવા પાત્ર છે તેવુ જણાવેલ નથી અને માત્ર મોઘમ અને અસ્પષ્ટ રીતે માત્ર કામ લંબાવવાના હેતુથી સદર ખોટી અરજ કરેલ છે જેથી તે ખર્ચ સહ રદ કરવા અરજ કરેલ છે. વાદીએ દાવા અરજમાં જણાવ્યા મુજબ અને તેમાં કરેલ કથન અને માંગેલ દાદ મુજબ સદર દાવો જાહેરાતનો, કાયમી મનાઈનો અને થયેલ કરારના પાલનની જાહેરાત બાબતનો છે. નામદાર સિવિલ કોર્ટને સંપુર્ણ રીત જાહેરાત, કાયમી મનાઈનો દાવો ચલાવવા કાયદેસર હક અને અધિકાર રહેલ છે અને ચાલી આવેલ છે તેમજ જાહેરાત અને કાયમી મનાઈનો દાવો ચલાવવા અને નિર્ણય કરવાં સિવિલ કોર્ટને કોઈપણ પ્રકારે બાધ નથી અને સદર પ્રકારનો દાવો હરકોઈ સિવિલ કોર્ટ તેની હકુમતમાં આવેલ સ્થાવર મિલકત બાબતે ચલાવવા હકદાર છે અને તેથી સદર દાવાવાળી મિલકત બાબતે સંપુર્ણ સત્તા નામદાર કોર્ટને છે અને કોઈપણ પ્રકારની મિલકત બાબતે જાહેરાત અને કાયમી મનાઈ માત્ર સિવિલ કોર્ટ જ આપી શકે છે અને તે માટે અન્ય કોઈ રેવન્યુ કોર્ટ કે બીજી કોઈ કોર્ટને સત્તા પહોંચતી નથી અને જયારે નામદાર સિવિલ કોર્ટને સત્તા પહોંચતી હોય તેમજ સિવિલ કોર્ટમાં જવુ કે નહિં જવુ તેનો નિર્ણય માત્ર વાદી કરી શકે છે પ્રતિવાદી એવો નિર્ણય કરી શકે નહિં કે એવી ખોટી ફરજ પાડી શકે નહિં તેથી પ્રતિવાદીએ હાલની અરજ માત્ર ખોટી રીતે નામદાર કોર્ટની હકુમત હોવા છતાં ખોટી રીતે ખોટા કારણ ધરી ગુજારેલ છે. જેથી ખર્ચ સહ રદ કરશોજી. પ્રતિવાદીની આંક–૧૬ ની અરજીમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, ઉપરોકત જણાવ્યા મુજબ જાહેરાત અને કાયમી મનાઈની દાદ કોઈપણ કરાર કે કબજાનાં રક્ષણ કે હક અધિકારનાં રક્ષણ માટે માંગી શકાય છે અને પ્રતિવાદી જણાવે છે તે મુજબ વાદીએ કયા કાયદા મુજબ દાદ માંગી તે પ્રતિવાદી નકકી કરી શકે નહિં. વાદી કાયદેસર કબજેદાર છે અને તેમ છતાં તે હકીકત અને કાયદાનો પ્રશ્ન છે અને તે માત્ર ટ્રાયલ બાદ જ નકકી થઈ શકે છે. દાવાનાં કામે પ્રતિવાદી નં.૧ મદ્રેસા ટ્રસ્ટ અને તેમના ટ્રસ્ટી ધ્વારા વાદીને ભાડા કરાર કરી આપવામાં આવેલ છે જેથી તેઓ પોતે જ સદર મિલકત વાદીને સુપ્રત કરેલ હોય અને આર્થિક લાભ મેળવેલ

હોય તેવા સંજોગોમાં દાવાનાં કામે વાદીએ કરેલ દાવો જાહેરાત અને કાયમી મનાઈનો યોગ્ય અને કાયદેસર છે તેમજ પ્રતિવાદી જે વકફ અધિનિયમ સને ૧૯૯૫ અને ૨૦૧૩ ના સુધારા બાબતે જે જીકર કરી રહેલ છે તે સદર કેસને લાગુ પડતો નથી અને સદર તકરાર વકફની કે ટ્રસ્ટની અંગત તકરાર નથી તેમજ વકફ કે ટ્રસ્ટ બાબતે કોઈપણ આંતરીક વાદ વિખવાદ ઉભો થાય ત્યારે ટ્રસ્ટ અને વકફ કાયદો એપ્લાય થાય છે જયારે અહિં ટ્રસ્ટે ટ્રસ્ટની બહારની વ્યકિત એટલે કે વાદી સાથે કરાર કરેલ છે તેથી ટ્રસ્ટ પોતે એક વ્યકિત છે અને વાદી સ્વતંત્ર વ્યકિત છે જેથી એક વ્યકિત બીજી વ્યકિતને કરી આપેલ કરાર તેમજ તેની રૂએ સુપ્રત કરેલ હકકો અને અધિકાર કરારનાં કાયદા મુજબ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટનાં કાયદા મુજબ વિગેરે સિવિલ કાયદા મુજબ સમાવેશ થાય છે અને તેના હકો અને મુલ્યો તેમજ તકરારો બાબતેનો નિર્ણય સિવિલ કોર્ટમાં જ થઈ શકે છે અને જો ટ્રસ્ટમાં તકરાર ઉઠાવવામાં આવે તો ટ્રસ્ટ પોતાનાં લાભમાં જ હુકમ કરી શકે અને અહીં ટ્રસ્ટ પોતે પાર્ટી છે જેથી તેમનાં વિરૂધ્ધ તેમની જ અદાલતમાં કાર્યવાહી ચાલી શકે નહિં અને વાદી એક સ્વતંત્ર ભારતનાં નાગરીક તરીકે ભારતીય બંધારણ ધ્વારા અને ભારતીય કાયદા મુજબ મળેલ હકોની રૂએ સ્વતંત્ર રીતે અને યોગ્ય રીતે જ સિવિલ કોર્ટમાં હાલનો દાવો લાવેલ છે જે કાયદેસર છે અને બંધારણીય હક અને મુલ્યોનું જતન થવુ જરૂરી છે અને સિવિલ કાયદા મુજબ સદર દાવો નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે જે કાયદેસર યોગ્ય જ છે અને દાવામાં જણાવેલ તકરારનો નિકાલ સિવિલ રાહે થવો જરૂરી છે જેથી પ્રતિવાદીએ આપેલ હાલની અરજી ખર્ચસહિત રદ કરવા અરજ કરેલ છે. વધુમાં નામદાર કોર્ટને કોઈપણ રીતે ગેરમાર્ગે દોરવામાં આવેલ નથી.વાદી કબજામાં છે જેથી કબજો ખાલી કરાવવા ખોટી રીતે નોટીસ મોકલેલ છે.વાદીને કબજો આપી પ્રતિવાદીએ આર્થિક લાભ મેળવેલ છે અને આર્થિક લાભ મેળવ્યા બાદ ખોટી રીતે કબજામાંથી દુર કરવા પ્રયત્ન કરી રહેલ છે તેવા સંજોગોમાં વાદીનાં માલિકી કબજા હકકનાં રક્ષણ માટે નામદાર કોર્ટમાં કરવામાં આવેલ દાવો ઉચિત અને યથાયોગ્ય છે. તેમજ સને ૧૯૯૮ થી વાદી દાવામાં જણાવ્યા મુજબ કબજામાં ચાલી આવેલ છે જેથી ત્રણ વર્ષની અંદર કે કાયદેસરની મુદતમાં કબજો મેળવવા ટ્રસ્ટ તરફથી કોઈ દાવો કરવામાં આવેલ નથી પરંતુ ખોટી રીતે વાદીનો કબજો આંચકી લેવાં પ્રતિવાદીઓ ધ્વારા પ્રયત્ન થતા અને પ્રતિવાદી ધ્વારા જાતે જે વાદીનાં હકો અને અધિકારો દાવાવાળી મિલકતમાં ઉત્પન્ન કરેલ હોય અને ચાલુ હોય અને પ્રતિવાદીએ આર્થિક લાભ મેળવેલ છે અને મેળવતા આવેલ છે તે સંજોગોમાં દાવામાં જણાવેલ તમામ હકીકતો અને હકકોનાં નિર્ણય

માત્ર સિવિલ કોર્ટ દ્વારા થઈ શકે છે. તમામ તકરારોનો નિકાલ માત્ર ટ્રાયલ ચાલ્યા બાદ જ નકકી થાય તેમ છે અને તમામ બાબત હકીકતો અને કાયદાનો મિશ્રિત પ્રશ્ન છે અને તે દાવાનાં આખરી તબકકે જ નકકી થાય તેમ છે તેમજ સદર અરજી નકકી કરતી વખતે માત્ર વાદીનું પ્લીડીંગ જોવાનું છે અને તેના પરથી જ સદર અરજ નકકી થઈ શકે જેથી વાદીની દાવાની હકીકત મુજબ વાદીનો દાવો કાયદેસર છે અને કોઈપણ કાયદાનો બાધ નડતો નથી. પ્રતિવાદી તરફથી માત્ર દાવો અને મનાઈ અરજનું કામ ડીલે કરવાના ઈરાદાથી ખોટી અને ગેરકાયદેસર રીતે હાલની અરજ ગુજારેલ છે તેમ જણાવી પ્રતિવાદીની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામે પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે તેમનાં વિ.વ.શ્રી જે.એ.મન્સુરીની તથા વાદી તરફે તેમનાં વિ.વ.શ્રી એમ.એસ.દ્વિવેદીની મૌખિક દલીલ સાંભળી. પ્રતિવાદી નં.૩ અને ૪ તરફે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

(૩.૧) પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે તેમનાં વિ.વ.શ્રી જે.એ.મન્સુરીએ મૌખિક દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, વાદીઓનો હાલનો દાવો તેઓની દાવા અરજીનાં વિધાનો પરથી જ તેમજ દાવામાં માંગેલ દાદનાં સ્વરૂપ પરથી જ નામદાર કોર્ટમાં ચાલવાપાત્ર ન હોય રદ થવાને પાત્ર છે. વાદીએ હાલનાં દાવાનાં કામમાં જે ડેકલેરેશન સ્વરૂપની દાદ માંગેલ છે તેવા ડેકલેરેશનની દાદ સ્વરૂપની કોઈ દાદ માંગી શકે નહિં. વાદીએ તેમનાં દાવામાં જણાવ્યા અનુસાર ભાડા પટ્ટાનો કરાર ગણાય. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની જોગવાઈઓ અનુસાર ભાડાપટ્ટાનો કરારનો અમલ થતા કરાર અનુસાર કબજો સુપ્રત થતા જ તેનો અમલ થઈ ગયેલો ગણાય. આ સંજોગોમાં જે કરાર થયેલ છે તે કરાર અન્વયેના લાગુ પડતા ખાસ કાયદાની જોગવાઈઓ અનુસાર વાદી પોતાનાં કબજાનાં રક્ષણ અર્થે કાયદાકીય જોગવાઈઓ અનુસાર રક્ષણ મેળવી શકે, પરંતુ કરારની લેખિત શરતો અનુસાર તેમજ સ્વયંમ વાદીનાં પક્ષ નિવેદન પરથી જ તા.૧૦/૧૧/૨૦૦૦ નાં રોજનાં કરારની અમલવાળી સ્વયંમ વાદીનાં જણાવ્યા મુજબ હાલના સ્વરૂપનો સ્પેશીફીક જોગવાઈઓ અનુસાર ડેકલેરેશનની દાદ માંગતો દાવો કરવા વાદીને કોઈ હકક અધિકાર નથી અને માંગેલ દાદનું સ્વરૂપ જોતાં આ પ્રકારનો દાવો લાવવા વાદીને કાયદાકીય બાધ નડે છે. હાલનાં દાવાનાં વાદીએ તા.૧૦/૧૧/૨૦૦૦નાં રોજનાં ભાડાપટ્ટાના કરારનાં શરતોનો ભંગ કરી પોતે ટ્રસ્ટની મિલકતનાં માલિક હોય ગેરકાયદેસરનાં કરાર કરી ગેરકાયદેસર રીતે અવેજ મેળવી આર્થિક લાભ પ્રાપ્ત કરેલ છે

તે હકીકત સ્વયંમ વાદીએ દાવા અરજી સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવા લીસ્ટથી સ્પષ્ટ ફલીત થાય છે. વાદીના દાવાનાં પક્ષ નિવેદન પરથી જ પ્રતિવાદી નં.૧ ટ્રસ્ટ વર્ષો જુનો ટ્રસ્ટ છે. પ્રતિવાદી નં.૧ મદ્રેસા ટ્રસ્ટ છે. ભારતીય સંસદ દ્વારા મુસ્લીમ સમુદાયનાં લોકોની ધાર્મિક અને મદ્રેસા ટ્રસ્ટની મિલકતોનાં સંદર્ભમાં વકફ અધિનિયમ સને ૧૯૯૫ નો પસાર કરવામાં આવેલ છે અને ત્યારબાદ વકફ અધિનિયમ ૨૦૧૩ સુધારો લાગુ પાડવામાં આવેલ છે તે અનુસાર પ્રતિવાદી નં.૧ સખાવતી ઉદેશ માટેની ધાર્મિક પવિત્ર ઉદેશો માટેની મુસ્લીમ કાયદા દ્વારા મંજુર કરેલ જાહેર ઉપયોગીતાનાં ઉદેશ માટેની સંસ્થા હોય આ સંસ્થાની મિલકત વકફ અધિનિયમ ૧૯૯૫ હેઠળ સમાવિષ્ટ થતી હોય વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ સુધારા અધિનિયમ ૨૦૧૩ ની જોગવાઈઓ અનુસાર આ દાવાવાળી મિલકત પરત્વેનો કોઈપણ દાવો નામદાર સિવિલ કોર્ટને ચલાવવા માટે કાયદાકીય જોગવાઈઓ અનુસાર કોઈ સત્તા અધિકાર રહેલ ન હોય વાદીનો હાલના સ્વરૂપનો દાવો ચલાવવા નામદાર કોર્ટને હકુમત પ્રાપ્ત થતી ન હોય અને આ પ્રકારની હકુમત વકફ અધિનિયમની ૧૯૯૫ ની જોગવાઈઓ અનુસાર સ્પષ્ટ રીતે બાધિત હોય વાદીની દાવા અરજી સ્વયંમ વાદીનાં દાવા અરજીનાં વિધાનો પરથી જ રદ થવાને પાત્ર હોય સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ ની જોગવાઈ અનુસાર વાદીનો દાવો ના મંજુર કરવા યાને રીજેકટ કરવાની જરૂર છે. વાદીએ હાલનો દાવો પ્રતિવાદી નં.૧ સંસ્થાએ વકફ બોર્ડમાં વાદી વિરૂધ્ધ અરજી કર્યા બાદ અને તેની નોટીસ વાદીને બજયા બાદ અલગ અલગ કાયદાઓની લાગુ પડતી અલગ અલગ જોગવાઈઓ એકત્ર કરી દાવા અરજીમાં કાયદા વિરૂધ્ધના અસ્પષ્ટ અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરતી હકીકતો અન્વેયના કાયદાકીય જોગવાઈઓ વિપરીત અને વાસ્તવિક હકીકતોથી વિપરીત દાવા અરજીમાં પક્ષ નિવેદન કરી જે દાદ વાદી નામદાર સીવીલ કોર્ટ મારફત મેળવવા સમર્થ નથી તેવી દાદ માંગતો કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધનો હાલનો દાવો કરી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા માટેની અને વાદીએ કરેલા અપકૃત્યોથી બચવા તેમજ પ્રતિવાદી નં.૧ સંસ્થાએ વાદી વિરૂધ્ધ વકફ બોર્ડમાં વાદગ્રસ્ત મિલકત પરત્વે જે અરજી કરેલ છે અને તે અરજી સંદર્ભે વાદીને વકફ બોર્ડ જેવી કાયદા રચીત સંસ્થા દ્વારા જે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે તેવી વકફ બોર્ડ તરફથી કરવામાં આવેલ કાયદેસરની કાર્યવાહીમાં ગેરકાયદેસર અવરોધ કરવા કરાવવા અને વકફ બોર્ડ જેવી કાયદા રચીત સંસ્થા દ્વારા વાદી દ્વારા સીવીલ કોર્ટમાં દાવો કરવામાં આવેલ છે તે પેન્ડીંગ છે તેવી કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધની ગેરકાયદેસરની તકરાર લેવા માટેના અને

કાર્યવાહી લંબાવવા માટેના બદઆશયથી વાદીએ હાલનો આ કાયદાકીય જોગવાઈઓ વિરૂધ્ધ નામદાર સિવિલ કોર્ટને હકુમત ન હોવા છતાં તદન ખોટો દાવો ઉપસ્થિત કરી નામદાર સિવિલ કોર્ટની હકુમતનો દુર ઉપયોગ કરેલ છે જેથી સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ–૧૧ ની જોગવાઈઓ અનુસાર વાદીનો દાવો રીજેકટ કરવા હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

(૩.૨) વાદી તરફે તેમનાં વિ.વ.શ્રી એમ.એસ.દ્રિવેદી એ મૌખિક દલીલમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પ્રતિવાદીની અરજી સાચી અને ખરી નથી તેમજ અરજી કરવા માટે કાયદેસર કોઈ કારણ કે અધિકાર નથી માત્ર કામ લંબાવવાનાં હેતુસર હાલની અરજ ગુજારેલ છે. પ્રતિવાદીની અરજી ઓ.૭, રૂલ–૧૧ (ડી) ના પ્રાવધાન મુજબ નથી કારણ કે, ઓ.૭, રૂલ–૧૧ (ડી) માં જોગવાઈ કરવામાં આવી છે કે, "દાવા અરજીનાં કોઈ વિધાનથી દાવો કોઈ કાનુનથી પ્રતિબંધિત હોવાનું લાગે " આમ, પ્રતિવાદીએ પોતાની અરજીમાં સ્પષ્ટપણે કયા કાયદાનાં કયા પ્રાવધાન મુજબ દાવો રદ થવા પાત્ર છે તેવુ જણાવેલ નથી અને માત્ર મોઘમ અને અસ્પષ્ટ રીતે માત્ર કામ લંબાવવાના હેતુથી સદર ખોટી અરજ કરેલ છે જેથી તે ખર્ચ સહ રદ કરવા અરજ કરેલ છે. વાદીએ દાવા અરજમાં જણાવ્યા મુજબ અને તેમાં કરેલ કથન અને માંગેલ દાદ મુજબ સદર દાવો જાહેરાતનો, કાયમી મનાઈનો અને થયેલ કરારના પાલનની જાહેરાત બાબતનો છે. નામદાર સિવિલ કોર્ટને સંપુર્ણ રીત જાહેરાત, કાયમી મનાઈનો દાવો ચલાવવા કાયદેસર હક અને અધિકાર રહેલ છે અને ચાલી આવેલ છે તેમજ જાહેરાત અને કાયમી મનાઈનો દાવો ચલાવવા અને નિર્ણય કરવાં સિવિલ કોર્ટને કોઈપણ પ્રકારે બાધ નથી અને સદર પ્રકારનો દાવો હરકોઈ સિવિલ કોર્ટ તેની હકુમતમાં આવેલ સ્થાવર મિલકત બાબતે ચલાવવા હકદાર છે અને તેથી સદર દાવાવાળી મિલકત બાબતે સંપુર્ણ સત્તા નામદાર કોર્ટને છે અને કોઈપણ પ્રકારની મિલકત બાબતે જાહેરાત અને કાયમી મનાઈ માત્ર સિવિલ કોર્ટ જ આપી શકે છે અને તે માટે અન્ય કોઈ રેવન્યુ કોર્ટ કે બીજી કોઈ કોર્ટને સત્તા પહોંચતી નથી અને જયારે નામદાર સિવિલ કોર્ટને સત્તા પહોંચતી હોય તેમજ સિવિલ કોર્ટમાં જવુ કે નહિં જવુ તેનો નિર્ણય માત્ર વાદી કરી શકે છે પ્રતિવાદી એવો નિર્ણય કરી શકે નહિં કે એવી ખોટી ફરજ પાડી શકે નહિં તેથી પ્રતિવાદીએ હાલની અરજ માત્ર ખોટી રીતે નામદાર કોર્ટની હકુમત હોવા છતાં ખોટી રીતે ખોટા કારણ ધરી ગુજારેલ છે. જેથી ખર્ચ સહ રદ કરશોજી. પ્રતિવાદીની આંક–૧૬ ની અરજીમાં જણાવેલ હકીકતોનો ઈન્કાર કરી વધુમાં જણાવેલ

છે કે, ઉપરોકત જણાવ્યા મુજબ જાહેરાત અને કાયમી મનાઈની દાદ કોઈપણ કરાર કે કબજાનાં રક્ષણ કે હક અધિકારનાં રક્ષણ માટે માંગી શકાય છે અને પ્રતિવાદી જણાવે છે તે મુજબ વાદીએ કયા કાયદા મુજબ દાદ માંગી તે પ્રતિવાદી નકકી કરી શકે નહિં. વાદી કાયદેસર કબજેદાર છે અને તેમ છતાં તે હકીકત અને કાયદાનો પ્રશ્ન છે અને તે માત્ર ટ્રાયલ બાદ જ નકકી થઈ શકે છે. દાવાનાં કામે પ્રતિવાદી નં.૧ મદ્રેસા ટ્રસ્ટ અને તેમના ટ્રસ્ટી ધ્વારા વાદીને ભાડા કરાર કરી આપવામાં આવેલ છે જેથી તેઓ પોતે જ સદર મિલકત વાદીને સુપ્રત કરેલ હોય અને આર્થિક લાભ મેળવેલ હોય તેવા સંજોગોમાં દાવાનાં કામે વાદીએ કરેલ દાવો જાહેરાત અને કાયમી મનાઈનો યોગ્ય અને કાયદેસર છે તેમજ પ્રતિવાદી જે વકફ અધિનિયમ સને ૧૯૯૫ અને ૨૦૧૩ ના સુધારા બાબતે જે જીકર કરી રહેલ છે તે સદર કેસને લાગુ પડતો નથી અને સદર તકરાર વકફની કે ટ્રસ્ટની અંગત તકરાર નથી તેમજ વકફ કે ટ્રસ્ટ બાબતે કોઈપણ આંતરીક વાદ વિખવાદ ઉભો થાય ત્યારે ટ્રસ્ટ અને વકફ કાયદો એપ્લાય થાય છે જયારે અહિં ટ્રસ્ટે ટ્રસ્ટની બહારની વ્યકિત એટલે કે વાદી સાથે કરાર કરેલ છે તેથી ટ્રસ્ટ પોતે એક વ્યકિત છે અને વાદી સ્વતંત્ર વ્યકિત છે જેથી એક વ્યકિત બીજી વ્યકિતને કરી આપેલ કરાર તેમજ તેની રૂએ સુપ્રત કરેલ હકકો અને અધિકાર કરારનાં કાયદા મુજબ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટનાં કાયદા મુજબ વિગેરે સિવિલ કાયદા મુજબ સમાવેશ થાય છે અને તેના હકો અને મુલ્યો તેમજ તકરારો બાબતેનો નિર્ણય સિવિલ કોર્ટમાં જ થઈ શકે છે અને જો ટ્રસ્ટમાં તકરાર ઉઠાવવામાં આવે તો ટ્રસ્ટ પોતાનાં લાભમાં જ હુકમ કરી શકે અને અહીં ટ્રસ્ટ પોતે પાર્ટી છે જેથી તેમનાં વિરૂધ્ધ તેમની જ અદાલતમાં કાર્યવાહી ચાલી શકે નહિં અને વાદી એક સ્વતંત્ર ભારતનાં નાગરીક તરીકે ભારતીય બંધારણ ધ્વારા અને ભારતીય કાયદા મુજબ મળેલ હકોની રૂએ સ્વતંત્ર રીતે અને યોગ્ય રીતે જ સિવિલ કોર્ટમાં હાલનો દાવો લાવેલ છે જે કાયદેસર છે અને બંધારણીય હક અને મુલ્યોનું જતન થવુ જરૂરી છે અને સિવિલ કાયદા મુજબ સદર દાવો નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે જે કાયદેસર યોગ્ય જ છે અને દાવામાં જણાવેલ તકરારનો નિકાલ સિવિલ રાહે થવો જરૂરી છે જેથી પ્રતિવાદીએ આપેલ હાલની અરજી ખર્ચસહિત રદ કરવા અરજ કરેલ છે. વધુમાં નામદાર કોર્ટને કોઈપણ રીતે ગેરમાર્ગે દોરવામાં આવેલ નથી.વાદી કબજામાં છે જેથી કબજો ખાલી કરાવવા ખોટી રીતે નોટીસ મોકલેલ છે.વાદીને કબજો આપી પ્રતિવાદીએ આર્થિક લાભ મેળવેલ છે અને આર્થિક લાભ મેળવ્યા બાદ ખોટી રીતે કબજામાંથી દુર કરવા પ્રયત્ન કરી રહેલ છે તેવા સંજોગોમાં વાદીનાં માલિકી કબજા હકકનાં રક્ષણ માટે નામદાર કોર્ટમાં કરવામાં

આવેલ દાવો ઉચિત અને યથાયોગ્ય છે. તેમજ સને ૧૯૯૮ થી વાદી દાવામાં જણાવ્યા મુજબ કબજામાં ચાલી આવેલ છે જેથી ત્રણ વર્ષની અંદર કે કાયદેસરની મુદતમાં કબજો મેળવવા ટ્રસ્ટ તરફથી કોઈ દાવો કરવામાં આવેલ નથી પરંતુ ખોટી રીતે વાદીનો કબજો આંચકી લેવાં પ્રતિવાદીઓ ધ્વારા પ્રયત્ન થતા અને પ્રતિવાદી ધ્વારા જાતે જે વાદીનાં હકો અને અધિકારો દાવાવાળી મિલકતમાં ઉત્પન્ન કરેલ હોય અને ચાલુ હોય અને પ્રતિવાદીએ આર્થિક લાભ મેળવેલ છે અને મેળવતા આવેલ છે તે સંજોગોમાં દાવામાં જણાવેલ તમામ હકીકતો અને હકકોનાં નિર્ણય માત્ર સિવિલ કોર્ટ ધ્વારા થઈ શકે છે. તમામ તકરારોનો નિકાલ માત્ર ટ્રાયલ ચાલ્યા બાદ જ નકકી થાય તેમ છે અને તમામ બાબત હકીકતો અને કાયદાનો મિશ્રિત પ્રશ્ન છે અને તે દાવાનાં આખરી તબકકે જ નકકી થાય તેમ છે તેમજ સદર અરજી નકકી કરતી વખતે માત્ર વાદીનું પ્લીડીંગ જોવાનું છે અને તેના પરથી જ સદર અરજ નકકી થઈ શકે જેથી વાદીની દાવાની હકીકત મુજબ વાદીનો દાવો કાયદેસર છે અને કોઈપણ કાયદાનો બાધ નડતો નથી. પ્રતિવાદી તરફથી માત્ર દાવો અને મનાઈ અરજનું કામ ડીલે કરવાના ઈરાદાથી ખોટી અને ગેરકાયદેસર રીતે હાલની અરજ ગુજારેલ છે જેથી પ્રતિવાદીની હાલની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) ઉપરોકત તમામ હકીકતો તથા બંને પક્ષકારોની દલીલ ધ્યાને લેતાં પ્રતિવાદીઓ તરફે સી.પી.સી.ઓર્ડર -૭, રૂલ-૧૧ અન્વયે વાદીની દાવા અરજ નામંજુર કરવા હાલની અરજી કરેલ છે. સદર કામમાં વાદીએ દાવાવાળી મિલકતનાં તેઓ દાવામાં જણાવ્યા મુજબ તા.૧૦/૧૧/૨૦૦૦ નારોજ પ્રતિવાદી નં.૧ સાથે (પ્રતિવાદી નં.૩ તે પ્રતિવાદી નં.૧ ના ટ્રસ્ટી) કરવામાં આવેલ ભાડાપટ્ટાના કરારની રૂએ કાયદેસર માલિક કબજેદાર છે તેવુ જાહેર કરવા, સદર કરાર સાચો અને ખરો છે તેવુ જાહેર કરવા અને સદર કરારનું પાલન પ્રતિવાદી નં.૧ થી ૩ કરે તેવુ જાહેર કરવા, દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદી નં.૪ નો કોઈ હકક અધિકાર નથી કે કંઈ પણ લાગતુ વળગતુ નથી તેવુ જાહેર કરવા, દાવાવાળી જમીનમાં વાદીનો ભાડુત હકકે માલિકી કબજો છે તેવુ જાહેર કરવા તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ પ્રતિવાદી નં.૧ સાથે કરવામાં આવેલ ભાડાપટ્ટાના કરારનું પાલન અને અમલ કરે તેવુ જાહેર કરવા તેમજ દાવાવાળી મિલકત પ્રતિવાદીઓ પોતે તેમજ કોઈપણ વ્યકિત ધ્વારા હસ્તે કે પરહસ્તે વેચાણ, ગીરો, બક્ષીસ, ટ્રાન્સફર, એસાઈન કે કોઈપણ પ્રકારે તબદીલ કરે-કરાવે નહિં કે તેમાં કોઈ ન્યુનતા કે ઉણપ લાવે નહિં તેમજ વાદીનાં કબજામાં

હરકત, અંતરાય, અવરોધ, અડચણ કરે–કરાવે નહિં, દાવાવાળી જમીનમાં આવજાવ કરતા, વાપર ઉપભોગ કરતા, ધંધો કરતા તેમજ કોઈપણ કામકાજ કરતા અટકાવે નહિં અને દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે હસ્તે પરહસ્તે પ્રવેશ કરે–કરાવે નહિં કે કોઈપણ પ્રકારે નુકસાન પહોંચાડે નહિં, વાદીનો કબજો છીનવી લે નહિં, કબજામાંથી દુર કરે નહિં તેમજ રેવન્યુ રેકર્ડ ઉપર કોઈપણ ફેરફાર કરે–કરાવે નહિં અને તેના સત્તા કે પ્રકારમાં ફેરફાર કરે–કરાવે નહિં તેવો કાયમી મનાઈ પ્રતિવાદીઓ વિરૂધ્ધ ફરમાવવા દાદ માંગેલ છે.

પ્રતિવાદીઓની સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ અન્વયેની અરજીનો નિકાલ કરતા પહેલા આ અંગેની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે.

**સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ ની કાયદાકીય જોગવાઈઃ–**

સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

**સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ દાવા અરજી નામંજુર કરવી.**

નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજુર કરવી જોઈશેઃ–

(એ) તેમાં દાવાનું કારણ જણાવવામાં આવ્યુ ન હોય.

(બી) માંગેલી દાદની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયલય ઠરાવે તે મુદતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનું કહયા છતાં વાદી તેમ ન કરે,

(સી) માંગેલી દાદની કિંમત બરાબર આંકી હોય, પણ ઓછા સ્ટેમ્પ મારેલા કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં જોઈતા સ્ટેમ્પવાળો કાગળ રજુ કરવાનું કહયા છતાં વાદી તેમ ન કરે,

(ડી) દાવા અરજીમાં લખેલા મજુકર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે,

(ઈ) બે નકલમાં ફાઈલ કરી ન હોય ત્યારે,

આમ, સી.પી.સી. ઓર્ડર–૭, રૂલ–૧૧ માં જણાવેલ ઉપરોકત જોગવાઈમાં વાદીનો દાવો પડતો હોય તો વાદીની દાવા અરજી સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧ મુજબ નામંજુર

કરી શકાય. સદર કામમાં વાદીએ દાવાવાળી મિલકતનાં તેઓ દાવામાં જણાવ્યા મુજબ તા.૧૦/૧૧/૨૦૦૦ નારોજ પ્રતિવાદી નં.૧ સાથે (પ્રતિવાદી નં.૩ તે પ્રતિવાદી નં.૧ ના ટ્રસ્ટી) કરવામાં આવેલ ભાડાપટ્ટાના કરારની રૂએ કાયદેસર માલિક કબજેદાર છે તેવુ જાહેર કરવા, સદર કરાર સાચો અને ખરો છે તેવુ જાહેર કરવા અને સદર કરારનું પાલન પ્રતિવાદી નં.૧ થી ૩ કરે તેવુ જાહેર કરવા, દાવાવાળી જમીન ઉપર પ્રતિવાદી નં.૪ નો કોઈ હકક અધિકાર નથી કે કંઈ પણ લાગતુ વળગતુ નથી તેવુ જાહેર કરવા, દાવાવાળી જમીનમાં વાદીનો ભાડુત હકકે માલિકી કબજો છે તેવુ જાહેર કરવા તેમજ પ્રતિવાદી નં.૧ થી ૩ પ્રતિવાદી નં.૧ સાથે કરવામાં આવેલ ભાડાપટ્ટાના કરારનું પાલન અને અમલ કરે તેવુ જાહેર કરવા તેમજ દાવાવાળી મિલકત પ્રતિવાદીઓ પોતે તેમજ કોઈપણ વ્યકિત ધ્વારા હસ્તે કે પરહસ્તે વેચાણ, ગીરો, બક્ષીસ, ટ્રાન્સફર, એસાઈન કે કોઈપણ પ્રકારે તબદીલ કરે–કરાવે નહિં કે તેમાં કોઈ ન્યુનતા કે ઉણપ લાવે નહિં તેમજ વાદીનાં કબજામાં હરકત, અંતરાય, અવરોધ, અડચણ કરે–કરાવે નહિં, દાવાવાળી જમીનમાં આવજાવ કરતા, વાપર ઉપભોગ કરતા, ધંધો કરતા તેમજ કોઈપણ કામકાજ કરતા અટકાવે નહિં અને દાવાવાળી જમીનમાં ગેરકાયદેસર રીતે હસ્તે પરહસ્તે પ્રવેશ કરે–કરાવે નહિં કે કોઈપણ પ્રકારે નુકસાન પહોંચાડે નહિં, વાદીનો કબજો છીનવી લે નહિં, કબજામાંથી દુર કરે નહિં તેમજ રેવન્યુ રેકર્ડ ઉપર કોઈપણ ફેરફાર કરે–કરાવે નહિં અને તેના સત્તા કે પ્રકારમાં ફેરફાર કરે–કરાવે નહિં તેવો કાયમી મનાઈ પ્રતિવાદીઓ વિરૂઘ્ઘ ફરમાવવા દાદ માંગેલ છે. વાદીએ દાવા અરજીમાં દાવો કરવાનું કારણ ઉપસ્થિત થયેલાનું જણાવેલ છે. વાદીએ દાવો સમય મર્યાદામાં દાખલ કરેલ છે. વાદી કાયદેસર કબજેદાર છે અને તેમ છતાં તે હકીકત અને કાયદાનો પ્રશ્ન છે અને તે માત્ર ટ્રાયલ બાદ જ નકકી થઈ શકે છે. દાવાનાં કામે પ્રતિવાદી નં.૧ મદ્રેસા ટ્રસ્ટ અને તેમના ટ્રસ્ટી ધ્વારા વાદીને ભાડા કરાર કરી આપવામાં આવેલ છે જેથી તેઓ પોતે જ સદર મિલકત વાદીને સુપ્રત કરેલ હોય અને આર્થિક લાભ મેળવેલ હોય તેવા સંજોગોમાં દાવાનાં કામે વાદીએ કરેલ દાવો જાહેરાત અને કાયમી મનાઈનો યોગ્ય અને કાયદેસર છે તેમજ પ્રતિવાદી જે વકફ અધિનિયમ સને ૧૯૯૫ અને ૨૦૧૩ ના સુધારા બાબતે જે જીકર કરી રહેલ છે તે સદર કેસને લાગુ પડતો નથી અને સદર તકરાર વકફની કે ટ્રસ્ટની અંગત તકરાર નથી તેમજ વકફ કે ટ્રસ્ટ બાબતે કોઈપણ આંતરીક વાદ વિખવાદ ઉભો થાય ત્યારે ટ્રસ્ટ અને વકફ કાયદો એપ્લાય થાય છે જયારે અહિં ટ્રસ્ટે ટ્રસ્ટની બહારની વ્યકિત એટલે કે વાદી સાથે કરાર કરેલ છે તેથી ટ્રસ્ટ પોતે એક વ્યકિત છે અને વાદી સ્વતંત્ર વ્યકિત છે

જેથી એક વ્યકિત બીજી વ્યકિતને કરી આપેલ કરાર તેમજ તેની રૂએ સુપ્રત કરેલ હકકો અને અધિકાર કરારનાં કાયદા મુજબ ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટનાં કાયદા મુજબ વિગેરે સિવિલ કાયદા મુજબ સમાવેશ થાય છે અને તેના હકો અને મુલ્યો તેમજ તકરારો બાબતેનો નિર્ણય સિવિલ કોર્ટમાં જ થઈ શકે છે અને જો ટ્રસ્ટમાં તકરાર ઉઠાવવામાં આવે તો ટ્રસ્ટ પોતાનાં લાભમાં જ હુકમ કરી શકે અને અહીં ટ્રસ્ટ પોતે પાર્ટી છે જેથી તેમનાં વિરૂધ્ધ તેમની જ અદાલતમાં કાર્યવાહી ચાલી શકે નહિં અને વાદી એક સ્વતંત્ર ભારતનાં નાગરીક તરીકે ભારતીય બંધારણ ધ્વારા અને ભારતીય કાયદા મુજબ મળેલ હકોની રૂએ સ્વતંત્ર રીતે અને યોગ્ય રીતે જ સિવિલ કોર્ટમાં હાલનો દાવો લાવેલ છે જે કાયદેસર છે અને બંધારણીય હક અને મુલ્યોનું જતન થવુ જરૂરી છે અને સિવિલ કાયદા મુજબ સદર દાવો નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે જે કાયદેસર યોગ્ય જ છે અને દાવામાં જણાવેલ તકરારનો નિકાલ સિવિલ રાહે થવો જરૂરી છે જેથી પ્રતિવાદીએ આપેલ હાલની અરજી ખર્ચસહિત રદ કરવા અરજ કરેલ છે. વધુમાં નામદાર કોર્ટને કોઈપણ રીતે ગેરમાર્ગે દોરવામાં આવેલ નથી.વાદી કબજામાં છે જેથી કબજો ખાલી કરાવવા ખોટી રીતે નોટીસ મોકલેલ છે.વાદીને કબજો આપી પ્રતિવાદીએ આર્થિક લાભ મેળવેલ છે અને આર્થિક લાભ મેળવ્યા બાદ ખોટી રીતે કબજામાંથી દુર કરવા પ્રયત્ન કરી રહેલ છે તેવા સંજોગોમાં વાદીનાં માલિકી કબજા હકકનાં રક્ષણ માટે નામદાર કોર્ટમાં કરવામાં આવેલ દાવો ઉચિત અને યથાયોગ્ય છે. તેમજ સને ૧૯૯૮ થી વાદી દાવામાં જણાવ્યા મુજબ કબજામાં ચાલી આવેલ છે જેથી ત્રણ વર્ષની અંદર કે કાયદેસરની મુદતમાં કબજો મેળવવા ટ્રસ્ટ તરફથી કોઈ દાવો કરવામાં આવેલ નથી પરંતુ ખોટી રીતે વાદીનો કબજો આંચકી લેવાં પ્રતિવાદીઓ ધ્વારા પ્રયત્ન થતા અને પ્રતિવાદી ધ્વારા જાતે જે વાદીનાં હકો અને અધિકારો દાવાવાળી મિલકતમાં ઉત્પન્ન કરેલ હોય અને ચાલુ હોય અને પ્રતિવાદીએ આર્થિક લાભ મેળવેલ છે અને મેળવતા આવેલ છે તે સંજોગોમાં દાવામાં જણાવેલ તમામ હકીકતો અને હકકોનાં નિર્ણય માત્ર સિવિલ કોર્ટ ધ્વારા થઈ શકે છે. તમામ તકરારોનો નિકાલ માત્ર ટ્રાયલ ચાલ્યા બાદ જ નકકી થાય તેમ છે અને તમામ બાબત હકીકતો અને કાયદાનો મિશ્રિત પ્રશ્ન છે અને તે દાવાનાં આખરી તબકકે જ નકકી થાય તેમ છે તેમજ સદર અરજી નકકી કરતી વખતે માત્ર વાદીનું પ્લીડીંગ જોવાનું છે અને તેના પરથી જ સદર અરજ નકકી થઈ શકે જેથી વાદીની દાવાની હકીકત મુજબ વાદીનો દાવો કાયદેસર છે અને કોઈપણ કાયદાનો બાધ નડતો નથી. પ્રતિવાદી તરફથી માત્ર દાવો અને મનાઈ અરજનું કામ ડીલે કરવાના ઈરાદાથી ખોટી અને ગેરકાયદેસર રીતે હાલની અરજ

ગુજારેલ છે. પ્રતિવાદીઓની આંક–૧૬ ની અરજી સી.પી.સી.ઓર્ડર–૭, રૂલ–૧૧ માં દર્શાવેલ કારણોનાં પરીપ્રેક્ષ્યમાં પડતી ન હોવાથી મંજુર થવા પાત્ર ન હોય ન્યાયનાં હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

પ્રતિવાદીઓની આંક–૧૬ની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ **તારીખ :** ૨૨ મી**, માહે :** ઓકટોબર**, સને :** ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૨૨–૧૦–૨૦૨૧.
**બારડોલી.**

**( કિશોરકુમાર ગજાનન પટેલ )**
Code No. GJOO762
એડીશ્નલ સિવિલ જજ**,** બારડોલી**.**